# Std 11 Gujarati Textbook Solutions Chapter 6 આંટી

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ઇચ્છાશંકર ક્યાં વસવાટ કરતા હતા?**

ઉત્તર:

ઈચ્છાશંકર આફ્રિકામાં વસવાટ કરતા હતા.

**પ્રશ્ન 2. ગામલોકો કઈ વાત માનવા તૈયાર ન હતા?**

ઉત્તર:

“આફ્રિકાવાળા ઇચ્છાશંકર એમના મોટા ભાઈ મૂળશંકરથી ભાગ વહેંચે છે. આ વાત ગામલોકો માનવા તૈયાર ન હતા.

**પ્રશ્ન 3. ઇચ્છાશંકર પત્નીની બોલતી બંધ કઈ રીતે કરતા?**

ઉત્તર:

ઈચ્છાશંકરે પત્નીના નામે થોડાક હજારનો વીમો વધારીને તેને મિલકતના ભાગ પાડવા બાબતે બોલતી બંધ કરી દીધી.

**પ્રશ્ન 4. ઇચ્છાશંકરે મિલકતમાં ભાગ વહેંચવાનો નિર્ણય શાથી લીધો?**

ઉત્તર :

કેરીઓ જેવી ક્ષુલ્લક વસ્તુમાં પણ મોટા ભાઈ મૂળશંકરે હાથની આંટી પાડીને મોટી કરી પોતાના દીકરા તરફ ધરી પક્ષપાત કર્યો તેથી ઇચ્છાશંકરે મિલકતમાં ભાગ વહેંચવાનો નિર્ણય લીધો.

**પ્રશ્ન 5. મૂળશંકર મિલકતમાં ભાગ પાડવાનું કારણ શાથી પૂછી શક્યો નહિ?**

ઉત્તર:

મૂળશંકર મિલકતમાં ભાગ પાડવાનું કારણ પૂછી શક્યો નહિ કારણ કે તેમના ભાઈ પાસે તો તેનો જવાબ હતો, પરંતુ તેમની પાસે તેનો કોઈ બચાવ ન હતો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ઇચ્છાશંકરને ગામલોકો શી સલાહ આપતા? શા માટે?**

ઉત્તરઃ

ઇચ્છાશંકરને ગામલોકો મિલકતના ભાગલા પાડી દેવાની સલાહ આપતા હતા. ગામલોકો માટે ઇચ્છાશંકર મોટા દિલનો માણસ સાબિત થઈ ચૂક્યો હતો, જ્યારે મૂળશંકર કોઈ કાળેય પરખાય નહિ એવો પાવરધો ને હોશિયાર લેખાતો હતો.

**પ્રશ્ન 2. ઇચ્છાશંકર મોટા દિલના હતા તેમ શા પરથી કહી શકાય?**

ઉત્તરઃ

ઇચ્છાશંકરને લોકો એમના સ્વાર્થી મોટા ભાઈ મૂળશંકર વિશે કહેતા ત્યારે એ કહેતા કે "ભાઈના છોકરા એ મારા જ ભત્રીજા છે ને ભાઈના સંબંધી એ મારા પણ સંબંધી છે. આપણી કમાણીથી કોઈનું દુઃખ હળવું થતું હોય તો એટલું વળી કમાયું લેખે લાગ્યું. આ પરથી કહી શકાય કે, ઈચ્છાશંકર મોટા દિલના હતા.

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. 'મિલકત વધવાની સાથે ઇચ્છાશંકરનો મિલકત પ્રત્યેનો મોહ ઘટતો ગયો તેમ શા પરથી કહી શકાય?**

ઉત્તરઃ

ઇચ્છાશંકર મોટા દિલના માણસ હતા. તેમણે જીવનમાં ઘણી લીલીસૂકી જોઈ હતી. તે આફ્રિકા ગયા ત્યારે માત્ર એક લોટો અને શેઠની રસોઈ કરતાં, બદલવા માટે અબોટિયું જ તેમની પાસે હતાં. પરંતુ લક્ષ્મી રીઝે છે ત્યારે વાતવાતમાં વારી જાય છે. ઇચ્છાશંકરે નોકરી છોડીને નાની શી દુકાન માંડી.

એની પેઢીઓ નાગરવેલની જેમ આખાય આફ્રિકામાં ફેલાઈ. તેમણે વતનમાં પણ જમીન, મકાનો તથા શેર વગેરેમાં ઘણું રોકાણ કર્યું. પરંતુ મિલક્ત વધવાની સાથે ઇચ્છાશંકરનો મિલક્ત પ્રત્યેનો મોહ ઘટતો ગયો. અત્યાર સુધી મોટા ભાઈને બધી જ મિલક્તમાં ભાગીદાર ગણ્યા ને રાખ્યા હતા.

મોટા ભાઈએ સાસરી પક્ષને મદદ કરી હોય કે એમની છોકરીઓ માટે દાગીના ઘડાવ્યા હોય તો તે વાત પર તેઓ હસી કાઢતા અને કહેતા કે "ભાઈના છોકરા એ મારા જ ભત્રીજા છે ને ભાઈના સંબંધી

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એ મારા પણ સંબંધી છે. આપણી કમાણીથી કોઈનું દુઃખ હળવું થતું હોય તો એટલું વળી કમાયું લેખે લાગે.”

આમ, મિલકત વધવાની સાથે ઇચ્છાશંકરનો મિલકત માટેનો મોહ ઘટતો ગયો એમ કહી શકાય.

**પ્રશ્ન 2. “આંટી’ શીર્ષકની યોગ્યતા સમજાવો.**

ઉત્તરઃ

“આંટી પડવી એટલે અણબનાવ થવો, વેર બંધાવું. મોટા ભાઈ મૂળશંકર સ્વાર્થી હતા અને નાના ભાઈ ઇચ્છાશંકર અનુપમ ઉદારતા ધરાવતા હતા. મોટા ભાઈના સ્વાર્થી, લાલચુ સ્વભાવ વિશે તે જાણતા હતા. લોકો – સંબંધીઓએ તેમને ચેતવ્યા.

કોઈ કોઈએ તો મૂળશંકરના સ્વાર્થના પુરાવા પણ એમની આગળ રજૂ કર્યા. પરંતુ ઇચ્છાશંકરને મોટા ભાઈ ઉપર એવડી ભક્તિ હતી કે આ પુરાવાઓનેય એ વઢાવી મારવાના પેતરામાં ઘટાવતા.

ઇચ્છાશંકરની મિલકત વધી. તેમણે મોટા ભાઈને બધી જ મિલકતમાં ભાગીદાર ગણ્યા હતા અને રાખ્યા હતા. પરંતુ એક ક્ષુલ્લક ઘટના બની અને બંને ભાઈઓ વચ્ચેના સંબંધમાં આંટી પડી. એક ખેડૂતે પહેલી જ વાર ફળેલા આંબાની બે કેસરવરણી શાખાઓ તેમને આપી.

મૂળશંકરના એક હાથમાં મોટી કરી હતી અને બીજા હાથમાં નાની કેરી હતી. બૂમ પાડતાં બચુ, રમેશ દોડતા ઉપર મેડીએ આવ્યા. મૂળશંકરે કેરીઓ આપવા બંને હાથ લંબાવ્યા, પરંતુ મોટી કેરી તરફ ભત્રીજાને જોતાં જ હાથને આંટી પાડી દીધી – પડી ગઈ.

ઇચ્છાશંકરની નજર પેલા છોકરાઓને કેરીઓ લેતા જોઈ રહી. એમના ચિત્તમાં આ ઘટના વણઉકલ્યા વમળો સર્જી ગઈ. મોટા ભાઈ મૂળશંકરની આવી ભેદભાવની નીતિ જોઈને બંને ભાઈઓ વચ્ચે આંટી પડી ગઈ. ઇચ્છાશંકરે મિલકતમાં ભાગ વહેંચવાનો નિર્ણય લીધો.

આ રીતે “આંટી’ શીર્ષક યોગ્ય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in